| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional and /or Extraordinary items) | (1,188.46) | 10265.28 | 4100.14 |
| 5 | Total comprehensive income for the period (comprising profit / (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax) | (1,188.46) | 10208.85 | 4100.14 |
| 6 | Equity Share Capital | 9411.27 | 9643.61 | 9650.20 |
| 7 | Other Equity (as shown in the Audited Balance Sheet of the previous year) | - | 57684.10 | - |
| 8 | Earnings Per Equity Share of ₹10/- each (Based on weighted average share capital) | | | |
| | Basic | (1.24) | 10.64 | 4.25 |
| | Diluted | (1.24) | 10.64 | 4.25 |

**Note**
1 The above is an extract of the detailed format of the Unaudited Financial Results of the Company for the First Quarter Ended June 30, 2020 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said unaudited results are available on the website of Stock Exchanges (www.bseindia.com and www.nseindia.com) and on Company's website : www.supremepetrochem.com

for **Supreme Petrochem Ltd**
SD/-
Place : Mumbai — **M P Taparia**
Date : July 23, 2020 — Chairperson

---

## ASTEC LIFESCIENCES LIMITED

**Corporate Identity Number (CIN): L99999MH1994PLC076236**
**Registered Office :** Godrej One, 3rd Floor, Pirojshanagar, Eastern Express Highway, Vikhroli(E), Mumbai- 400079, Maharashtra
**Website:** www.astecls.com, **Tel no.:** 022-25188010, **Fax no.:-** 022-22618289, **Email id:** astecinvestors@godrejastec.com

Responsible Care

**EXTRACT OF STATEMENT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2020**

(Rs. in Lakh)

| Sr. No. | Particulars | Quarter Ended: 30-Jun-20 (Unaudited) | Quarter Ended: 31-Mar-20 (Audited) | Quarter Ended: 30-Jun-19 (Unaudited) | Year Ended: 31-Mar-20 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 11,319.64 | 18,581.10 | 7,792.70 | 53,453.86 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#) | 2,173.82 | 3,963.27 | (171.89) | 6,135.25 |
| 3 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | 1,618.54 | 3,118.21 | (111.00) | 4,752.71 |
| 4 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax & minority interest) and Other Comprehensive Income (after tax)] | 1,612.86 | 3,104.43 | (112.26) | 4,734.05 |
| 5 | Equity Share Capital (Face Value of Rs.10/- per share) | 1,957.04 | 1,956.84 | 1,955.57 | 1,956.84 |
| 6 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | | | 22,699.74 |
| 7 | Earnings per equity share (Face Value of Rs.10/- per share) (for continuing & discontinuing operations) (non-annualised) : | | | | |
| | 1. Basic: | 8.27 | 15.94 | (0.57) | 24.29 |
| | 2. Diluted: | 8.26 | 15.93 | (0.57) | 24.27 |

**KEY FINANCIAL HIGHLIGHTS OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS**

(Rs. in Lakh)

| Sr. No. | Particulars | Quarter Ended: 30-Jun-20 (Unaudited) | Quarter Ended: 31-Mar-20 (Audited) | Quarter Ended: 30-Jun-19 (Unaudited) | Year Ended: 31-Mar-20 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 11,319.64 | 18,542.58 | 7,792.70 | 53,415.34 |
| 2 | Profit Before Tax | 2,172.00 | 3,961.12 | (173.65) | 6,127.42 |
| 3 | Profit After Tax | 1,617.30 | 3,116.62 | (112.18) | 4,747.19 |
| 4 | Total Comprehensive Income (after Tax) | 1,612.75 | 3,102.18 | (113.27) | 4,728.98 |

**Notes:**
a) The above is an extract of the detailed format of the Standalone & Consolidated Unaudited Financial Results for the Quarter ended 30th June, 2020 filed with the Stock Exchange(s) under Regulation 33 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone & Consolidated Unaudited Financial Results for the Quarter ended 30th June, 2020 are available on the website of BSE Limited (www.bseindia.com) and on the website of the National Stock Exchange of India Limited (www.nseindia.com). The same is also made available on the website of the Company (www.astecls.com).
b) The above Financial Results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at its Meeting held on Wednesday, 22nd July, 2020. The Statutory Auditors of the Company have carried out a limited review of the aforesaid results and expressed an unmodified review opinion.
c) Profit before Tax for "Year ended 31st March, 2020" includes other expenses of Rs.620.09 Lakh in respect of a classification error of export incentives claimed in earlier years for certain products exported by the Company.
e) # Exceptional items are adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS rules.

**By Order of the Board of Directors of Astec LifeSciences Limited**
**Sd/-**
**Ashok V. Hiremath**
**Place : Mumbai** — **Managing Director**
**Date : 22nd July, 2020** — **DIN :- 00349345**

# રાજ્યમાં સતત ત્રીજા દિવસે કોરોનાનો આંક એક હજારને પાર : ૨૮ના મોત

## ગુજરાતમાં કોરોનાના નવા ૧૦૭૮ પોઝીટીવ કેસ અને અમદાવાદમાં ૨૧૦ અને સુરતમાં ૨૫૬ કેસ નોંધાયા

**અમદાવાદ,**
ગુજરાતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના કેસ ૧ હજારને પાર થયા છે. આજે પણ રાજ્યમાં ૧૦૭૮ કેસ નોંધાયા છે. જ્યારે સતત બીજા દિવસે ૨૮ દર્દીઓના મોત થયા છે. જેમાં સુરતમાં ૧૪, અમદાવાદમાં ૫, કચ્છ, પાટણ અને વડોદરામાં ૨-૨ દર્દીના મોત થયા છે. આમ રાજ્યમાં કોરોનાના કારણે મૃત્યુઆંક ૨૨૫૭ થઈ ચૂક્યો છે. તો હાલમાં ૭૮ દર્દીઓને વેન્ટીલેટર પર રાખવામા આવ્યા છે. તો છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૭૧૮ દર્દીઓને રજા આપવાની સાથે આજદિન સુધીમાં કુલ ૩૭ હજાર ૯૫૮ લોકોને સાજા થતા રજા આપવામા આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસની વાત કરીએ તો સુરતમાં સૌથી વધુ ૨૫૬, અમદાવાદમાં ૨૧૦ કેસ, વડોદરામાં ૮૨ કેસ નોંધાયા છે. આમ રાજ્યમાં કોરોનાના કેસ ઝડપભેર વધી રહ્યા છે..તો આજદિન સુધીમાં સમગ્ર ગુજરાતમાં કુલ ૫ લાખ ૯૨ હજાર ૧૨૩ ટેસ્ટ કરવામા આવ્યા છે.. અમદાવાદ અને સુરતમાં ફરી એકવાર ચેપનો ફેલાવો વધી રહ્યો છે. અમદાવાદ કોપોરેશન ૧૮૭, સુરત કોર્પોરેશન ૧૮૧, સુરત, વડોદરા કોર્પોરેશન ૭૧, રાજકોટ કોર્પોરેશન ૪૪, નર્મદા ૪૦, દાહોદ ૩૧, સુરેન્દ્રનગર ૩૧, ભરૂચ ૨૭, જામનગર કોર્પોરેશન ૨૫, કચ્છ ૨૪, અમદાવાદ ૨૩, ભાવનગર કોર્પોરેશન ૨૩, જુનાગઢ કોર્પોરેશન ૨૩, મહેસાણા ૨૩, પાટણ ૨૩, ગાંધીનગર ૨૨, જુનાગઢ ૨૦, નવસારી ૧૮, ભાવનગર ૧૬, રાજકોટ ૧૫, બનાસકાંઠા ૧૪, ખેડા ૧૩, પંચમહાલ ૧૨, ગીરસોમનાથ ૧૧, વડોરદા ૧૧, આણંદ ૯, ગાંધીનગર કોર્પોરેશન ૯, જામનગર ૯, વલસાડ ૯, બોટાદ ૭, મહિસાગર ૭, તાપી ૫, મોરબી ૪, સાબરકાંઠા ૪, અમરેલી ૩, અરવલ્લી ૩, પોરબંદર ૧ કેસો મળ્યા છે. આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં વિતેલા ૨૪ કલાકમાં સુરતમાં સૌથી વધુ ૧૦ દર્દીઓના મત્યુ થયાની પૃષ્ટી કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ કોપોરેશન ૪, સુરત ૪, કચ્છ અને પાટણ ૨-૨, વડોદરા કોર્પોરેશન-અમદાવાદ-ભાગનગર કોર્પોરેશન-બોટાદ-મોરબીમાં ૧-૧ વ્યક્તિએ દમ તોડયો હતો. આમ આજે વિતેલા ૨૪ કલાકમાં કુલ ૨૮ લોકોના મોત નિપજ્યા છે. ગુજરાતમાં કોરોના કહેરના ૧૨૬માં દિવસે કુલ ૩૭૯૫૮ નાગરીકો સાજા થઈ ગયા છે. ૨૨૨૯ના અવસાન થયા છે. જ્યારે બુધવાર સાંજની છેલ્લી સ્થિતિ મુજબ ૧૨,૩૪૮ સારવાર હેઠળના દર્દીઓ પૈકી ૮૯ વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા છે અને ૧૨૨૫૯ સ્ટેબલ છે. જૂનાગઢ મનપાના વોર્ડ નં-૬ના કોર્પોરેટર રાજુ નંદવાણીનું કોરોનાથી નિધન થયુ છે, રાજકોટ ખાતે સારવાર દરમિયાન નિધન થયુ હતુ. ભરૂચ જીલ્લામાં કોરોનાનાં ગુરૂવારે ૨૬ પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં ભરૂચમાં ૭, અંકલેશ્વરમાં ૧૧, આમોદમાં ૪, વાલિયા, ઝઘડિયા, નેત્રંગ અને જંબુસરમાં ૧-૧ કેસ નોંધાયા છે. આ સાથે અત્યાર સુધીમાં ભરૂચ જીલ્લામાં કોરોનાનાં ૭૩૪ કેસો નોંધાયા છે. ગીર સોમનાથજીલ્લામાં આજે એકીસાથે રેકર્ડ બ્રેક ૨૫ પોઝીટીવ કેસો આવ્યા છે. વેરાવળમાં ૯, તાલાલા તાલુકાના ત્રણ ગામોમાંથી ૪, સુત્રાપાડા – ૨, કોડીનાર તાલુકાના બે ગામોમાંથી – ૨, ગીરગઢડાના આંબળા – ૧, ઉના શહેરમાંથી – ૭ એમ કુલ ૨૫ કેસો નોંધાયા છે. આ સાથે જીલ્લામાં કોરોના કેસનો આંકડો ૩૩૯ પર પહોંચ્યો છે. કોરોનાને કારણે સુરત મહાનગરપાલિકાએ પાંચમો કર્મચારી ગુમાવ્યો છે. સુરત મહાનગરપાલિકાના સીનીયર કલાર્કનું કોરોનાને કારણે મોત થયુ છે. મનપા કર્મચારી જયદેવ સોલંકીનું કોરોનાથી મોત થયુ છે. ભાવનગર શહેરમાં ૨૩ અને જીલ્લામાં ૧૬ એમ થઈને, ગુરૂવારે ૩૯ કેસ નોંધાયા છે. અને ૧ વ્યક્તિનું કોરોનાને કારણે મોત થયુ છે.



કોરોના મહામારીના સામના માટે તંત્રે કમર કસી છે. સરકારે ઠેરઠેર કોરોનાના ટેસ્ટિંગ સ્થળ પર કરવાની શરૂઆત કરી છે. અમદાવાદના ન્યૂક્લોથ માર્કેટમાં વેપારી અને કામદારોનું ટેસ્ટિંગ કરતા સ્વાસ્થ્ય કર્મીઓ.( તસવીર : જયેશ મોદી )

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો મહત્વપૂર્ણ નિર્ણય

# પરીક્ષા બાદ કોરોના થનારા વિદ્યાર્થીને ૧ લાખની સહાય

**(સંપૂર્ણ સમાચાર સેવા) રાજકોટ,**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પરીક્ષાના ૧૫ દિવસો દરમિયાન જો કોઈ વિદ્યાર્થીને કોરોના વાયરસનું સંક્રમણ ફેલાય તો ૧ લાખ રૂપિયાની સહાય કરવાનો નિર્ણય લીધો છે. ૨૫ જુલાઈથી શરૂ થઈ રહેલી છેલ્લા વર્ષની પરીક્ષામાં અંદાજે ૧૪,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી શકે છે.

લોકડાઉનના કારણે આ પરીક્ષાને પાછળ કરવામાં આવી હતી. મેડિકલ, પેરામેડિકલ તથા તમામ પૉસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સની પરીક્ષા ૪ ઓગસ્ટથી શરૂ થશે અને ૧૦ ઓગસ્ટે ખતમ થશે. યુનિવર્સિટી કોરોના સંક્રમિત થનારા વિદ્યાર્થીઓને તેમના જિલ્લામાં હોસ્પિટલની સારવારની વ્યવસ્થા કરી આપશે અને દવાઓ તથા હોસ્પિટલ કે કોવિડ કેર સેન્ટરમાં રહેવાના તમામ ખર્ચની ભરપાઈ કરશે. સ્કીમ માટે બનાવવામાં આવેલી હેલ્થ સપોર્ટ કમિટીમાં જરૂરી ડોક્યુમેન્ટ સબમિટ કરાવવા પર ક્લેઈમ પાસ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર વિજય દેસાનીએ કહ્યું, સહાય કરવાનો નિર્ણય વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ લાવવા માટે છે, જેથી તેઓ પરીક્ષા આપી શકે. પરીક્ષા કેન્દ્રોમાં પણ વધારો કરાયો છે અને સીટિંગની વ્યવસ્થા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાનમાં રાખીને કરાઈ છે. તેઓ કહે છે, સામાન્ય રીતે પરીક્ષા કેન્દ્રના એક બ્લોકમાં ૩૦ વિદ્યાર્થીઓની વ્યવસ્થા હોય છે, પરંતુ કોરોનાની સ્થિતિને જોતા અમે માત્ર ૧૫ વિદ્યાર્થીઓને જ એક બ્લોકમાં પરમીશન આપીશું. મહામારી દરમિયાન પરીક્ષા લેવાના નિર્ણયનો વિદ્યાર્થી સંગઠનો દ્વારા વિરોધ કરાઈ રહ્યો હતો, જે બાદ મંગળવારે મળેલી સિન્ડિકેટની બેઠકમાં આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો. સહાયની રકમ તેવા વિદ્યાર્થીઓને અપાશે જેઓ પરીક્ષામાં હાજર થયાના ૧૫ દિવસ દરમિયાન કોરોના સંક્રમિત થાય છે. પરીક્ષા કેન્દ્ર માટેની કોલેજના તમામ રૂમો એક દિવસની પરીક્ષા બાદ સેનિટાઈઝ કરાશે અને પરીક્ષાના સમય દરમિયાન માસ્ક પહેરવું ફરજિયાત હશે. પરીક્ષા હોલમાં આવતા વિદ્યાર્થીઓનું તાપમાન ચકાસવા માટે કોલેજોએ થર્મલ ગનનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ ખરાબ સ્વાસ્થ્ય અથવા થર્મલ ગનથી સ્ક્રિનિંગ બાદ પરીક્ષા આપવા માટે ફીટ નહીં હોય તેમને એક મહિના બાદ યોજાનારી પૂરક પરીક્ષામાં ફરીથી તક આપવામાં આવશે.

# સપ્ટેમ્બરમાં યોજાનારી પેટા ચૂંટણી ચૂંટણી પંચ દ્વારા મોકૂફ

## ગુજરાતની ૮ બેઠકોનું શું થશે ? : સમગ્ર દેશમાં કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને ચૂંટણી મુલતવી રાખવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**
કેન્દ્રીય ચૂંટણીપંચે ૭ સપ્ટેમ્બરના રોજ યોજાનારી પેટાચૂંટણી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. દેશમાં કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને ચૂંટણી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવામાં ગુજરાતની પેટાચૂંટણી અંગે જે ચર્ચા હતી તેના પર પણ પણ પ્રશ્નનાર્થ ઉભો થયો છે કે ગુજરાતની ૮ બેઠકોની પેટાચૂંટણી થવાની હતી તેનું શું થશે ? મહત્વનું છે પેટાચૂંટણી ૭ સપ્ટેમ્બરે યોજાવાની હતી જેમાં ગુજરાતની ચૂંટણ થશે તેવા તર્ક લગાવવામાં આવી રહ્યા હતા જોકે, હવે ચૂંટણીપંચે કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને આગળનો નિર્ણય લેવામાં આવશે ત્યાં સુધી પેટાચૂંટણી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બીજી તરફ રાજ્યની પેટાચૂંટણીને લઈને કોંગ્રેસ ભાજપ દ્વારા કોને મેદાનમાં ઉતારવામાં આવશે તે અંગે પણ વિવિધ અટકળો લગાવવામાં આવી રહી છે.

ગુજરાતની પેટાચૂંટણી મોકુફ રહેશે તેવી ચર્ચા જોર પકડી રહી છે જોકે, મીડિયા રિપોર્ટ્સ મુજબ આ અંગે કોઈ માહિતી સામે આવી નથી. એવું પણ જણાવવામાં આવી રહ્યું છે કે, રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર એસ મુરલી ક્રિષ્નાએ કેન્દ્ર ચૂંટણીપંચ દ્વારા ૭ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે ગુજરાતની ૮ બેઠકોની પેટાચૂંટણીની ડ્યુ ડેટ ૬ મહિના બાદ એટલે કે ૧૪ સપ્ટેમ્બરે થાય છે. રિપોર્ટ્સ અનુસાર, રાજ્યના ચૂંટણીપંચ દ્વારા વિવિધ રાજ્યોની પેટાચૂંટણી રદ કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે રાજ્યના ચૂંટણીપંચ પાસે કોઈ માહિતી આવી નથી. મહત્વનું છે કે, ૭ સપ્ટેમ્બરના રોજ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, આસામ, કરળ, તામિલનાડુ સહિત બિહારની વાલ્મિકીનગરની લોકસભાની બેઠક સહિત વિધાનસભાની બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની હતી. માનવામાં આવી રહ્યું છે કે, દેશમાં આગામી સમયમાં કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને નવી તારીખો જાહેર કરવામાં આવશે, ત્યાં સુધી પેટાચૂંટણી મોકૂફ રહેશે.

# બોપલમાં આવેલ કચરાના ડુંગર દૂર કરવા અમપાનો નિર્ણય

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી હદમાં બોપલનો સમાવેશ થયા બાદ એએમસીએ બોપલ જીઈબી સ્ટેશનની નજીક આવેલ કચરાના ડુંગરને આ વર્ષના અંત સુધીમાં દૂર કરવાનું નક્કી કર્યું છે. કોર્પોરેશનના અધિકારીઓનું કહેવું છે કે આ વિસ્તાર વ્યવાસાયીક શક્યાતાઓ ધરાવે છે. ૬ એકરનો આ પ્લોટ ૧૦૦થી ૧૫૦ કરોડ જેટલી માતબર રકમ કોર્પોરેશનને અપાવી શકે છે. કેમ કે અહીં નજીકમાં જ ઈસરોનું ગેસ્ટ હાઉસ, અનેક રેસિડેન્શિયલ કોલોની અને સ્કૂલ આવેલી છે. આ કારણે કોર્પોરેશને નિર્ણય લીધો છે કે આ જગ્યાએ રહેલા ૩ લાખ ટન કચરાને દૂર કરીને પ્લોટને કચરા મુક્ત કરવામાં આવશે. આ માટે કોર્પોરેશન બાયો માઈનિંગ પ્રોજેક્ટ અંતર્ગત તમામ કચરાનો નિકાલ કરશે. આગામી ૧૫ દિવસમાં જ આ જગ્યાને સમતળ કરી દેવામાં આવશે જેથી પ્રોજેક્ટ શરું કરી શકાય અને જલ્દીથી કચરાના ઢગલાને દૂર કરી શકાય. કચરાનો ડુંગર દૂર થતા જ આ વિસ્તારમાં જમીનના ભાવમાં પણ વધારો જોવા મળી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ જગ્યાએ ૩ ટ્રોમેલ મશિનનો ઉપયોગ કરવાની વિચારણા કરી રહી છે. જેથી આગામી વર્ષના પ્રારંભ સુધીમાં બોપલમાં આવેલ આ કચરાનો ડુંગર સંપૂર્ણપણે નિકાલ કરી શકાશે. મહત્વનું છે કે આ ડમ્પિંગ યાર્ડમાં આજુબાજુના વિસ્તારમાંથી સતત કચરો ઠલવાતો હોવાથી કચરાનો ડુંગર ૮ ફૂટ જેટલો ઉંચો બની ગયો હતો. જોકે થોડા મહિના પહેલા અહીં કચરાનું રિસાયકલિંગ અને નિકલા કરવા માટે એક ટ્રોમેલ મશિન મુકવામાં આવ્યું હતું જેની મદદથી આ ડુંગરને ૮ ફૂટથી ૪ ફૂટ સુધી લાવવામાં સફળતા મળી છે.

# વડોદરામાં પાંચ પોલીસ જવાનોને કોરોનાનો ચેપ

**(સંપૂર્ણ સમાચાર સેવા) વડોદરા,**
શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલોત સાથે કામ કરતા પાંચ પોલીસકર્મીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોક પોલીસ કમિશનરનો રિપોર્ટ નેગેટિવ આવતા બુધવારે તેમણે ઓફિસનું કામ ચાલું રાખ્યું હતું. સાવધાનીના ભાગ રૂપે આ ટેસ્ટ કરાયો હતો, જેનું પરિણામ મંગળવારે રાત્રે આવ્યું હતું. આ પાંચ પોલીસકર્મીઓમાંથી એક ગહલોતની કારના ડ્રાઈવર અને બીજા તેમના ગનમેન હતા. જ્યારે અન્ય ત્રણ પોલીસ કમિશનરની સિક્યોરિટી માટે પાઈલોટ કારમાં ચાલતા પોલીસકર્મીઓ હતા.

**પોલીસ કમિશનરનો રિપોર્ટ નેગેટિવ આવ્યો**

**સાવધાનીના ભાગરૂપે ટેસ્ટ કરાયો, જેનું પરિણામ આ આવ્યું**

ગહલોતે કહ્યું, તમામને રેલવે હોસ્પિટલમાં એડમિટ કરાવવામાં આવ્યા છે અને અમે તેમના પરિવારનો પણ કોરોના ટેસ્ટ કરાવીશું. આ તમામ પોલીસકર્મીઓમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા નથી. ગહલોત સાથે કામ કરતા સ્ટાફનો થોડા મહિનાઓ અગાઉ પણ કોરોના ટેસ્ટ કરાયો હતો અને સાવધાનીના ભાગ રૂપે તેમનો ફરીથી ટેસ્ટ કરાયો હતો. પોલીસે જણાવ્યું કે, પાંચ પોલીસકર્મીઓને તેમના આવાસ સ્થાનેથી અથવા ફરજ દરમિયાન અન્ય સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવવાથી ચેપ લાગ્યો હોઈ શકે છે. આ તમામને રિપ્લેસ કરનારા પોલીસકર્મીઓનો પણ કોરોના ટેસ્ટ કરાવવામાં આવશે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, કોરોનાની આ મહામારીમાં ઘણી બધી વસ્તુઓને ધ્યાન રાખવાનું હોય છે એવામાં પોલીસ કમિશનર ક્વોરન્ટાઈન થઈ શકે નહીં. કમિશનરની ઓફિસ આવી છે તેવા પોલીસ ભવનને રેગ્યુલર સેનિટાઈઝ કરાવવામાં આવે છે અને તેમાં ઘણા ઓછા નાગરિકોને પ્રવેશ આપવામાં આવે છે.



અમદાવાદમાં નારણપુરાથી મેમનગરના રસ્તા પર કોર્પોરેશનની કચરાની ગાડીમાં આગ લાગતા થોડા સમય માટે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી.( તસવીર : જયેશ મોદી )

# ૫૦ વર્ષમાં પહેલીવાર સૌરાષ્ટ્રભરમાં શ્રાવણ મહિનાના લોકમેળા યોજાશે નહીં

**(હિ.મી.એ), રાજકોટ,**
સૌરાષ્ટ્રભરના લોકો માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. જન્માષ્ટમી પર આ વર્ષે લોકમેળો નહિ યોજાય. ૫૦ વર્ષમાં પ્રથમ વખત શ્રાવણ મહિનામાં મેળા નહિ યોજાય. સૌરાષ્ટ્રમાં લોકમેળાનું આગવું મહત્વ હોય છે. દર શ્રાવણ મહિનામાં સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ૫ દિવસ સુધી વિવિધ મેળાનું આયોજન કરવામાં આવે છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટના લોકમેળામાં ૫ દિવસમાં ૧૦ લાખ લોકો મુલાકાત લેતા હોય છે. શ્રાવણ માસ દરમિયાન સૌરાષ્ટ્રભરમાં ૧૦૦ જેટલા મેળાનું આયોજન કરવામાં આવતું હોય છે. લોકમેળા ૫ દિવસ જ્યારે ખાનગી મેળા ૨૦ દિવસ સુધી ચાલુ રાખવામાં આવે છે. ત્યારે આ વર્ષે લોકમેળાને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે.

સૌરાષ્ટ્રના સૌથી મોટા અને પ્રખ્યાત એવા રાજકોટના લોકમેળા સહિત સૌરાષ્ટ્રના ૧૦૦ જેટલા મેળાનું આયોજન ન કરવા સરકાર દ્વારા છેલ્લાં કેટલાક દિવસોથી વિચારણા કરવામાં આવી રહી હતી. ત્યારે આ વર્ષે કોરોનાથી થતા સંક્રમણને અટકાવવા સરકાર દ્વારા શ્રાવણ માસ દરમિયાન થતા મેળા પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત સત્તાવાર રીતે કરવામાં આવી છે. રાંધણ છઠ થી શરૂ થતાં ૫ દિવસીય આ લોક મેળામાં કુલ ૧૦ લાખ જેટલી જનમેદની સૌરાષ્ટ્રભરમાંથી આવતી હોય છે, જેને ધ્યાનમાં રાખી અને કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

દર વર્ષે રાજકોટના લોકમેળામાં ખાણી-પીણી તેમજ રમકડાં અને રાઈડ્સ મળી ૩૦૦ થી વધુ પ્લોટ્સની ફાળવણી કરવામાં આવતી હોય છે. જેમાં ખાણીપીણીના ૧૫ થી વધુ સ્ટોલ, આઈસ્ક્રીમના ૧૫ થી વધુ સ્ટોલ, રમકડાના ૨૦૦ થી વધુ સ્ટોલ તેમજ નાની મોટી ૫૦ જેટલી યાંત્રિક રાઈડ્સ અને ૪૦ થી વધુ ચકરડી સહિત ૩૦૦ થી વધુ પ્લોટ્સ ફાળવવામાં આવે છે. આ વર્ષે જો મેળાનું આયોજન નહિ થાય તો આ તમામની સાથે રસ્તા પર બેસી પાથરણા પાથરી રમકડાં વેચાણ કરતા હજારો લોકોની રોજીરોટી છીનવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, લોકમેળાની સાથે સાથે ખાનગી મેળાનું પણ આયોજન થતું હોય છે, જે પણ ૨૦ દિવસ સુધી ચાલુ હોય છે.

# જાડેજાએ તેના બનેવીના ખાતામાં ૧૦ લાખ મોકલ્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**
સસ્પેન્ડેડ પીએસઆઈ શ્વેતા જાડેજા કે જેમના પર ભ્રષ્ટાચારનો આરોપ છે તેમની મુશ્કેલીઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. કારણ કે, તપાસ કરનારા અધિકારીઓને જાણ થઈ શકે છે કે તેમની મોટી બહેનના પતિ દેવેન્દ્ર ઓડેદરાના ખાતામાં આંગડીયા દ્વારા ૧૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જે હજુ પણ આ કેસમાં ફરાર છે. આ મહિનાની શરુઆતમાં જાડેજાની ધરપકડ કરવામાં આવી હતી, તેમના પર બળાત્કારના આરોપીને સજા ન થાય તે માટે તેના ભાઈ પાસેથી ૩૫ લાખ રૂપિયાની લાંચ માગવાનો અને સ્વીકારવાનો આરોપ છે.

હાલ તેઓ જેલના સળીયા પાછળ છે. એસઓજીના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, તેમની પાસે હવે સાક્ષી છે જેમણે તેમને કહ્યું કે, જાડેજાએ કે જેઓ મહિલા પોલીસ સ્ટેશન (પશ્ચિમ)માં તૈનાત હતા તેમણે આંગડીયા પેઢી દ્વારા ઓડેદરાને ૧૦ લાખ રૂપિયા મોકલ્યા હતા. અમે તપાસ કરી રહ્યા છીએ કે આ જે ટ્રાન્ઝેક્શન થયું છે તે વર્તમાન કેસનો ભાગ છે કે પછી અન્ય કોઈ કેસનોહ્ન, તેમ એસઓજીના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું. અધિકારીએ ઉમેર્યું કે, તપાસમાં બહાર આવ્યું છે કે ફરિયાદીના માણસો દ્વારા ઉપલેટામાં પૈસા મોકલવામાં આવ્યા હતા.

‘પહેલી ફેબ્રુઆરી અને ૬ ફેબ્રુઆરીના રોજ આંગડીયા પેઢી દ્વારા પાંચ-પાંચ લાખના પાર્સલ મોકલવામાં આવ્યા હતા. અન્ય ૨૦ લાખનું પાર્સલ બાદમાં મોકલવામાં આવ્યું હતું. બાદમાં જાડેજાએ વસ્ત્રાપુર સ્થિત પોતાના ઘરે ફરિયાદીને બોલાવ્યો હતો અને ૪ લાખ રૂપિયા તેમજ ૧.૧૨ લાખ રૂપિયાની કિંમતનો ફોન લીધો હતોહ્ન, તેમ એસઓજીના સૂત્રોએ જણાવ્યું હતું.

# કોરોનાની વૈશ્વિક મહામારી અંતર્ગત પણ જનહિતના કામોને પ્રાધાન્ય એ અમારો નિર્ધાર : નીતિન પટેલ

**(હિ.મી.એ), ગાંધીનગર,**
નાયબ મુખ્યમંત્રીશ્રી અને માર્ગ-મકાન મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું છે કે, કોરોનાની વૈશ્વિક મહામારી અંતર્ગત પણ જનહિતના કામોને પ્રાધાન્ય આપીને રાજયની વિકાસયાત્રાને આગળ વધારવી એ અમારો નિર્ધાર છે. તેમણે કહ્યુ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિકાસકામો રાબેતા મુજબ શરૂ થાય એ માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને યોગ્ય કરવા સબંધિતોને સૂચનાઓ પણ આપી દીધી છે. જે કામો પૂર્ણ થયા છે અને નવા કામો શરૂ કરવાના છે એ માટે ઈ-લોકાર્પણ, ઈ-ભૂમિપૂજન/ખાતમુહૂર્તનો નવતર અભિગમ દાખવ્યો છે. જેના પરિણામે લોકોને એકત્ર ન કરવા પડે, સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય અને કોરોનાનુ સંક્રમણ ફેલાતુ અટકે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગને દર વર્ષે રૂ. ૯,૦૦૦ કરોડથી વધુ રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. જેના થકી રોડને પહોળા કરવા, નવા રસ્તાઓના બાંધકામ, અંડરબ્રિજ-ઓવરબ્રિજ સહિતના અનેક વિકાસ કામો રાજ્યભરમાં હાથ ધરવામાં આવે છે. રાજયના ખમીરવંતા સરહદી જિલ્લા એવા કચ્છના વિકાસ માટે રાજ્ય સરકાર સવિશેષ મહત્વ આપી રહ્યું છે તેમ જણાવી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમ થકી માર્ગ અને મકાન વિભાગના વિવિધ વિકાસના કામોનું ઈ-ભૂમિપૂજન તેમજ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. પટેલે વધુમાં ઉમેર્યું કે, કોરોના મહામારીના આ સમયગાળામાં ૧૦ લાખથી વધુ શ્રમિકો-કારીગરો પોતાના વતન



રાજયમાં પહોંચી ગયા છે. આ સ્થિતિમાં પણ શ્રમિકો-કારીગરોની વ્યવસ્થા ગોઠવી રાજયના વિવિધ વિકાસ કામો શરૂ કરી દેવામાં આવ્યા છે જેમાં મહત્વના પ્રોજેક્ટ એવા ૯૦૦ થી ૧૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર સરખેજ-ગાંધીનગર સિક્સલેન હાઈ-વે, રાજકોટ-અમદાવાદ સિક્સ લેન હાઈ-વે, તારાપુર-વાસદ સિક્સ લેન હાઈ-વે સહિતના વિવિધ મોટા પ્રોજેક્ટ પુન શરૂ કરી દેવાયા છે. એ ઉપરાંત ગત અઠવાડિયે જ દક્ષિણ ગુજરાતના ૮૦૦ કરોડના વિવિધ કામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ભૂમિપૂજનનું પણ કરવામાં આવ્યું હતુ. આમ આ કોરોનાની સ્થિતિમાં પણ જનજીવન સામાન્ય થાય અને વિકાસના કામો અટકે નહીં તેની પણ રાજ્ય સરકાર ચિંતા કરી રહી છે. પટેલે કહ્યું કે, એક જમાનામાં કચ્છમાંથી લોકો હિજરત કરવા માંડ્યા હતા જો કે હવે, રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે. કચ્છ જિલ્લો ગુજરાત માટે આર્થિક રીતે મહત્વનો જિલ્લો બની ગયો છે. આ જિલ્લાનો વધુને વધુ વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે એટલું જ નહીં તેને વધુ સક્ષમ બનાવવો અમારી ફરજ છે.

કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે તેમ જણાવતા શ્રી પટેલે ઉમેર્યુ કે, કચ્છ જિલ્લાના નર્મદાના પાણીના પ્રશ્નના નિરાકરણ માટે આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. કચ્છના ખેડૂતોની લાગણી મુજબ નર્મદાનું પાણી ખૂબ જ ટૂંકા સમયમાં કચ્છને મળતુ થશે. લૉકડાઉન થયુ ત્યારથી અત્યારસુધીના સમયગાળામાં આ મુદ્દાને લઈને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં અનેક બેઠકો કરવામાં આવી છે. પખવાડિયા પહેલા જ આ મુદ્દે રિવ્યુ બેઠક કરાઈ છે. હવે માત્ર સ્થાનિકકક્ષાએ કેટલાંક વિસ્તારની જમીન સંપાદનની કામગીરી બાકી છે તે પણ સ્થાનિક અગ્રણીઓના સહયોગથી પૂર્ણ થવાની તૈયારીમાં છે. એટલે ખેતી તેમજ પીવા માટે કચ્છ જિલ્લાના નાગરિકો અને ખેડૂતોને નર્મદાનું પાણી ખૂબ જ ઝડપથી મળતુ થઈ જશે. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભુજ સર્કિટ હાઉસ ખાતેથી કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે રૂ. ૨.૭૩ કરોડના ખર્ચે નવનિર્મિત વિશ્રામગૃહનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. તે ઉપરાંત રૂ. ૭૧.૭૬ કરોડના ખર્ચે તૈયાર થનાર વિવિધ ત્રણ રસ્તાઓના કામોના ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યા હતા જેમાં નખત્રાણા તાલુકાના ભુજ-લખપતના તેમજ દયાપર-સુભાષપર- પાન્ધ્રો રસ્તાની વળાંક સુધારણા અને મજબૂતીકરણ તથા અને નખત્રાણા-નિરોણા-લોરીયા રસ્તાને પહોળો તેમજ મજબુતીકરણ કરવાના કામોનું ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતુ. તે ઉપરાંત ગઢસીસા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું પણ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

# ઓનલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણયે ઉતાવળિયો : શાળા સંચાલક મહામંડળ

**(હિ.મી.એ), અમદાવાદ,**
ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળે ઓનલાઈન શિક્ષણ બંધ કરવાના નિર્ણયને ઉતાવળીયો નિર્ણય ગણાવ્યો છે. જોકે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું કે, સરકારે રાજ્યના જુદા જુદા મંડળો સાથે વાત કરીને સંપૂર્ણ ફી ના લેવા અંગેના નિર્ણય પર વિચારવાની જરૂર હતી. ‘ફી નહિ તો શિક્ષણ નહીં…કહેનાર સંચાલકો બિનઅનુભવી સાબિત થયા છે.

ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળે માંગ કરી છે કે, કોરોના મહામારીમાં સરકારે અનેક રાહતો આપી છે.

એવામાં જે શાળાઓની પરિસ્થિતિ સારી નથી તેમને લોન આપવી જોઈએ. જો શાળાઓને ફી નહીં મળે તો તેઓ શિક્ષકો અને અન્ય કર્મચારીઓને છુટા કરશે. આવુ થશે તો વિકટ પરિસ્થિતિ પણ ઉદ્દભવશે. રાજ્ય સરકાર સાથે બેસીને અમે નિર્ણય કરવા માગીએ છીએ, સરકાર અમારા તરફી પણ વિચારશે તેવી આશા છે.

**જો શાળાઓને ફી નહીં મળે તો તેઓ શિક્ષકો અને અન્ય કર્મચારીઓને છુટા કરશે. આવુ થશે તો વિકટ પરિસ્થિતિ પણ ઉદ્દભવશે**

સરકારના આદેશ બાદથી તાત્કાલિક ઓનલાઈન શિક્ષણ બંધ કરવાથી છબી બગડશે. સરકારે સ્વનિર્ભર શાળાઓ માટે અને તેમના અસ્તિત્વ અંગે પણ વિચારવું જરૂરી છે.

વાલીઓ અમારો પરિવાર છે, એવી જ રીતે અમારા શિક્ષક અને અન્ય કર્મચારીઓ પણ અમારા પરિવારના સભ્યો છે. સરકાર તમામ અંગે વિચારે અને અંતિમ નિર્ણય જલ્દી લે તેવી આશા છે.

**આલોક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

ALOK INDUSTRIES LIMITED

રજીસ્ટર્ડ ઓફિસ : ૧૭/૫/૧, ૫૨૧/૧, ગામ : રાખોલી/સાયલી, સીલવાસા- ૩૯૬૨૩૦, કેન્દ્ર શાસિત વિસ્તાર દાદરા અને નગર હવેલી
Tel No.0260-6637000, Fax No.0260-2645289

**નોટીસ**

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ની નિયમન ૨૯, ૩૩ અને ૪૭ અનુસાર, નોટિસ એ છે કે કંપનીની મોનીટરીંગ કમિટીની બેઠક **શુક્રવાર, ૩૧ જુલાઇ, ૨૦૨૦**ના દિવસે બપોરે ૧૨.૦૦ વાગ્યે, કંપનીના કોર્પોરેટ ઓફિસ પેનિનસુલા બિઝનેસ પાર્ક, ટાવર ‘બી‘, ૩જો માળ, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ (વે), મુંબઈ - ૪૦૦ ૦૧૩, ખાતે વર્ષ **૩૧ માર્ચ, ૨૦૨૦**ના રોજ સમાપ્ત થતા ત્રિમાસિક અને વર્ષના અંત માટે ઑડિટ કરેલ નાણાકીય પરિણામો અન્ય બાબતોમાં વિચારણા કરવા માટે યોજાવાની છે,
સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૬ (૨)ને અનુલક્ષીને, નોટીસમાં સમાવિષ્ટ માહિતી કંપનીની વેબસાઈટ www.alokind.com પર ઉપલબ્ધ છે, જેમ કે સ્ટોક એક્સચેંજની વેબસાઈટ બીએસઈ લિમિટેડ- www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ- www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

સહી/-
કે.એચ. ગોપાલ
કંપની સેક્રેટરી

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૨૩.૦૭.૨૦૨૦**